# હાર્વર્ડ યુનિવર્સિટી ઉપર ડોનાલ્ડ ટ્રમ્પનો હુમલો



**ટાઇમ લાઇન**
સંજય વોરા



અમેરિકાની વિખ્યાત હાર્વર્ડ યુનિવર્સિટી પણ ડોનાલ્ડ ટ્રમ્પના સપાટામાં આવી ગઈ છે. હાર્વર્ડ એક કરમુક્ત યુનિવર્સિટી છે, પરંતુ તે ટૂંક સમયમાં તેનો કરમુક્ત દરજ્જો ગુમાવવાની છે. અમેરિકાની ઈન્ટરનલ રેવન્યુ સર્વિસ (IRS) ટૂંક સમયમાં હાર્વર્ડ યુનિવર્સિટીના કર મુક્તિ દરજ્જાને સમાપ્ત કરવાની તૈયારી કરી રહી છે. હાર્વર્ડ યુનિવર્સિટીને અમેરિકાના વહીવટીતંત્ર દ્વારા દર વર્ષે 2.2 અબજ ડૉલરની ગ્રાન્ટ અને 6 કરોડ ડૉલરની કરાર રકમ આપવામાં આવતી હતી, જે ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણય પછી બંધ કરવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રનો આક્ષેપ છે કે હાર્વર્ડ યુનિવર્સિટીમાં યહૂદી વિરોધી પ્રવૃત્તિઓ ઝડપથી વધી રહી છે અને તેને રોકવા માટે કેટલાક ફેરફારો કરવા જરૂરી છે. હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રમુખ એલન ગાર્બરે સરકારની સૂચનાઓનું પાલન કરવાનો ઈનકાર કરી દીધો છે. તેમણે કહ્યું છે કે તેઓ યુનિવર્સિટીની સ્વતંત્રતા અને અધિકારો સાથે કોઈ સમાધાન કરશે નહીં.

હાર્વર્ડ પર નિશાન સાધતાં ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે આ યુનિવર્સિટી મજાક છે અને અહીં ભણાવતા શિક્ષકો મૂર્ખ છે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે હાર્વર્ડને હવે વિશ્વની ટોચની યુનિવર્સિટીઓની કોઈપણ યાદીમાં સામેલ ન કરવું જોઈએ. હાર્વર્ડ લગભગ સંપૂર્ણપણે ઘમંડી, કટ્ટરપંથી, ડાબેરી, મૂર્ખ અને પક્ષપાતી લોકોને નોકરી પર રાખી રહ્યું છે, જેઓ ફક્ત વિદ્યાર્થીઓ અને કહેવાતા ભાવિ નેતાઓને નિષ્ફળતા શીખવવા માટે સક્ષમ છે. આવા ઘણા ડાબેરી મૂર્ખ લોકો હાર્વર્ડમાં શિક્ષણ આપી રહ્યા છે અને આ કારણે હાર્વર્ડને શીખવા માટે યોગ્ય સ્થળ ગણી શકાય નહીં અને વિશ્વની કોઈ પણ મહાન યુનિવર્સિટીઓ અને કોલેજોની યાદીમાં તેનો સમાવેશ થવો જોઈએ નહીં. હાર્વર્ડ એક મજાક છે, તે નફરત અને મૂર્ખતા શીખવે છે માટે તેને ભંડોળ પૂરું પાડવું જોઈએ નહીં.

ટ્રમ્પ વહીવટીતંત્રે હાર્વર્ડને એક પત્ર મોકલીને યુનિવર્સિટીને મેરિટ-આધારિત પ્રવેશ અને ભરતી પ્રક્રિયા અપનાવવાની ભલામણ કરી હતી. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે હાર્વર્ડે એવા વિદ્યાર્થી જૂથોને ભંડોળ આપવાનું બંધ કરવું જોઈએ, જે ગુનાહિત પ્રવૃત્તિઓ, ગેરકાયદેસર હિંસા અથવા ઉત્પીડનમાં સામેલ છે. યુનિવર્સિટીને વિરોધ પ્રદર્શન દરમિયાન ચહેરાના માસ્ક પહેરવા પર પ્રતિબંધ મૂકવાનો પણ આદેશ આપવામાં આવ્યો હતો. હાર્વર્ડના પ્રમુખ એલન ગાર્બરે કહ્યું કે સરકારની માંગણીઓ પ્રથમ સુધારાના અધિકારોનું ઉલ્લંઘન કરે છે. અમેરિકન બંધારણના પ્રથમ સુધારા દ્વારા લોકોને વાણી સ્વાતંત્ર્યનો અધિકાર મળે છે. કોઈ પણ સરકાર ખાનગી યુનિવર્સિટીઓને કહી શકતી નથી કે તેઓ શું ભણાવી શકે, કોને પ્રવેશ આપી શકે અને તેમણે કયા વિષયો ભણાવવા જોઈએ.

હાર્વર્ડ યુનિવર્સિટી અમેરિકાની સૌથી જૂની યુનિવર્સિટી છે. તેની સ્થાપના ઈ.સ. ૧૬૩૬માં મેસેચુસેટ્સના કેમ્બ્રિજમાં કરવામાં આવી હતી. જોન હાર્વર્ડ નામના પાદરીએ પોતાની બધી સંપત્તિ આ યુનિવર્સિટીને દાનમાં આપી હોવાથી તેના નામ પરથી યુનિવર્સિટીનું નામ રાખવામાં આવ્યું હતું. બરાક ઓબામા, માર્ક ઝુકરબર્ગ, બિલ ગેટ્સ અને રતન ટાટા જેવા જાણીતા લોકો હાર્વર્ડમાં ભણીને પોતાના ક્ષેત્રોમાં ટોચ ઉપર પહોંચ્યા છે. હાર્વર્ડ યુનિવર્સિટી વિરુદ્ધ યહૂદીઓ સામે નફરત ફેલાવવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ગયાં વર્ષે ગાઝામાં ચાલી રહેલા યુદ્ધ સામે ઘણી અમેરિકન યુનિવર્સિટીઓમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં પ્રદર્શનો યોજાયા હતા. આ પ્રદર્શનોમાં હજારો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અખબારી હેવાલો મુજબ 1,000 થી વધુ વિદ્યાર્થીઓની ધરપકડ પણ કરવામાં આવી હતી. આ સમય દરમિયાન હાર્વર્ડ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓએ પેલેસ્ટિનિયન ધ્વજ પણ ફરકાવ્યો હતો. યુનિવર્સિટીએ તેને નીતિ વિરુદ્ધ ગણાવ્યું અને કહ્યું કે વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. અગાઉ ટ્રમ્પ વહીવટીતંત્રે કોલંબિયા યુનિવર્સિટી સામે કડક કાર્યવાહી કરી હતી અને 40 કરોડ અમેરિકન ડૉલર (લગભગ 33 અબજ રૂપિયા) ની ગ્રાન્ટ રદ કરી હતી. વહીવટીતંત્રે કોલંબિયા યુનિવર્સિટી પર યહૂદી વિદ્યાર્થીઓના ઉત્પીડનને રોકવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો હતો.

**ડોનાલ્ડ ટ્રમ્પના હુમલાઓ એકલી હાર્વર્ડ યુનિવર્સિટી સામે નથી. સરકારના યહૂદી વિરોધી ટાસ્ક ફોર્સે સમીક્ષા માટે ઓછામાં ઓછી 60 યુનિવર્સિટીઓની ઓળખ કરી છે**

ડોનાલ્ડ ટ્રમ્પના હુમલાઓ એકલી હાર્વર્ડ યુનિવર્સિટી સામે નથી. સરકારના યહૂદી વિરોધી ટાસ્ક ફોર્સે સમીક્ષા માટે ઓછામાં ઓછી 60 યુનિવર્સિટીઓની ઓળખ કરી છે. આ તાજેતરનું પગલું અચાનક બહાર આવ્યું ન હતું. ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ લાંબા સમયથી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સામે વિરોધ કરી રહ્યા છે. 2021 માં વાન્સે એક ભાષણ આપ્યું હતું, જેમાં યુનિવર્સિટીઓને દુશ્મન તરીકે વર્ણવવામાં આવી હતી. ટ્રમ્પે તેમના રાષ્ટ્રપતિ પ્રચારમાં યુનિવર્સિટીઓ પર ભંડોળ કડક કાર્યવાહીનો વિરોધ કર્યો હતો અને તેમને રૂઢિચુસ્તો પ્રત્યે પ્રતિકૂળ ગણાવ્યા હતા. ઓક્ટોબર 2023માં ગાઝામાં હાલનો સંઘર્ષ શરૂ થયો તેના લગભગ એક વર્ષ પહેલાં તેમણે એક સ્વતંત્ર વાણી નીતિનો ડ્રાફ્ટ રજૂ કર્યો હતો, જેમાં ડાબેરીઓના સેન્સરશીપ શાસનને તોડી પાડવાનું વચન આપવામાં આવ્યું હતું, જેમાંથી એક ભાગ યુનિવર્સિટીના કેમ્પસને લક્ષ્ય બનાવતો હતો.

ગયા ઉનાળામાં ગેલપ દ્વારા કરાયેલા મતદાનમાં સૂચવવામાં આવ્યું હતું કે તમામ રાજકીય પૃષ્ઠભૂમિ ધરાવતા અમેરિકનોમાં ઉચ્ચ શિક્ષણમાં વિશ્વાસ સમય જતાં ઘટી રહ્યો છે, જેનું એક કારણ યુનિવર્સિટીઓ રાજકીય એજન્ડાને આગળ ધપાવે છે તેવી માન્યતા હતી. ખાસ કરીને રિપબ્લિકન પક્ષના સમર્થકોમાં આ ઘટાડો તીવ્ર હતો. ડોનાલ્ડ ટ્રમ્પની ટીમ કહે છે કે હવે મુખ્ય મુદ્દો ગયા વર્ષે પેલેસ્ટિનિયન સમર્થક કેમ્પસ વિરોધ પ્રદર્શનોનો છે, જેણે દેશભરની કોલેજોમાં હોબાળો મચાવ્યો હતો. આ દેખાવો અને ધરણાં દરમિયાન કેટલાક યહૂદી વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે તેઓ અસુરક્ષિતતા અનુભવે છે અને તેમણે ઉત્પીડનનો સામનો કરવો પડ્યો છે. મૂળ મુદ્દો એ છે કે વિશ્વની તમામ મોટી યુનિવર્સિટીઓ હવે રાજકીય વિચારધારાના અખાડા જેવી બની ગઈ છે. દેશમાં સરકાર બદલાય તેમ વિચારધારા પણ બદલાય છે, જેનો શિકાર યુનિવર્સિટીનું વહીવટીતંત્ર બની જતું હોય છે.

# ‘દિલવાલે દુલ્હનીયાં લે જાયેંગે’ હવે મ્યુઝિકલ્સ રૂપે UKમાં ભજવાશે

**કર્ટનકોલ**
- બકુલ ટેલર



ખૂબ લોકપ્રિય બનેલી ફિલ્મોને નાટક સ્વરૂપે પણ ભજવી શકાય છે અને અત્યારનાં વર્ષોનો એવો નાટ્યાનુભવ ફિરોઝખાન દિગ્દર્શીત ‘મુગલ-એ-આઝમ’નો છે. તેમણે મૂળ ફિલ્મની વાર્તાને એક મ્યુઝિકલ સ્વરૂપે રજૂ કરેલી. પ્રોડકશન ઘણું મોંઘું હતુ અને તે માટે જોઈતા થિયેટર પણ ઓછા છે છતાં તે ખૂબ લોકપ્રિય થયેલો પ્રયોગ હતો. ઘણા વર્ષો પહેલાં ગોવિંદા સરૈયા ‘સરસ્વતીચન્દ્ર’ નવલકથાને ફિલ્મ તરીકે પડદા પર લાવ્યા હતા અને પછી એ જ ફિલ્મને તેમણે નાટક સ્વરૂપે પણ રજૂ કરી હતી. હમણાંના વર્ષોમાં લોકપ્રિય ફિલ્મને મ્યુઝિકલ્સ રૂપે તખ્તા પર લાવવાનો એક ટ્રેન્ડ શરૂ થયો છે. મુંબઈમાં નીતા અંબાણી કલ્ચરલ સેન્ટર શરૂ થયું પછી ત્યાંના વિશાળ રંગમંચ પર મ્યુઝિકલ્સ જ રજૂ થયા છે. આ મ્યુઝિકલ્સમાં ‘ધ સાઉન્ડ ઓફ મ્યુઝિક’ અને ‘વેસ્ટ સાઈડ સ્ટોરી’, ‘ધ લિટલ પ્રિન્સ’, ‘લાઈફ ઓફ પાઈ’ અને ‘ધ ફેન્ટમ ઓફ ધ ઓપેરા’ રજૂ થયેલા તે બ્રોડવે પ્રોડકશન્સ હતા અને હોલીવુડની લોકપ્રિય બનેલી ફિલ્મો આધારીત હતા.




એ તો સહુ જાણે છે કે અનેક નાટકો પછી ફિલ્મ સ્વરૂપે પડદા પર આવ્યા છે. મુગલ-એ-આઝમ’ અને ‘અનારકલી’ ફિલ્મો મૂળ નાટક સ્વરૂપે હતા અને એવા તો ઘણા દાખલા છે પણ ફિલ્મો પરથી નાટકો બનતા હોય એવું હવે વધારે બની રહ્યું છે. સંજય લીલા ભણશાલી 2008માં પેરિસ ખાતે ‘પદ્માવતી’ નામે ઓપેરા રજૂ કરી ચુક્યા છે અને પછી ‘પદ્માવત’ ફિલ્મ બનાવી હતી. જોકે ‘પદ્માવતી’ મૂળ 1923માં આલ્બર્ટ રસેલે લખેલા બેલે પરથી ઓપેરા તરીકે રજૂ કરાયેલું.

જેમાં એ.આર. રહેમાને સંગીત આપેલું એવું ‘બોમ્બે ડ્રીમ્સ’ મુંબઈ અને લંડનમાં ભજવાયેલું. તે પણ મૂળ તો ફિલ્મ હતી. આ પરંપરા આગળ વધી રહી છે અને 29મેથી 21 જૂન સુધી યુકેના માંચેસ્ટર ઓપેરા હાઉસમાં આદિત્ય ચોપરા દિગ્દર્શીત ‘કમ ફોલ ઈન લવ’ ભજવાશે. આ મ્યુઝિકલ્સ ‘દિલવાલે દુલ્હનીયા લે જાયેંગે’ પર આધારીત છે. મ્યુઝિકલ્સમાં વિશાળ શેખરનું સંગીત છે પણ આખુ નાટક અંગ્રેજીમાં ભજવવાનું છે. સિમરન તરીકે જેના પંડ્યા અને રોજર તરીકે ખેશ્લી ડે મુખ્ય ભૂમિકામાં દેખાશે. આવા પ્રયોગો પણ કરવા જેવા છે. એવી ઘણી હિન્દી ફિલ્મો છે જે મ્યુઝિકલ્સરૂપે ભજવો તો નવો પ્રેક્ષક મળે.



**જોકે ‘પદ્માવતી’ મૂળ 1923માં આલ્બર્ટ રસેલે લખેલા બેલે પરથી ઓપેરા તરીકે રજૂ કરાયેલું. જેમાં એ.આર. રહેમાને સંગીત આપેલું એવું ‘બોમ્બે ડ્રીમ્સ’ મુંબઈ અને લંડનમાં ભજવાયેલું. તે પણ મૂળ તો ફિલ્મ હતી. આ પરંપરા આગળ વધી રહી છે અને 29મેથી 21 જૂન સુધી UKના માંચેસ્ટર ઓપેરા હાઉસમાં આદિત્ય ચોપરા દિગ્દર્શીત ‘કમ ફોલ ઈન લવ’ ભજવાશે**

અનુસંધાન પાના ત્રણનું

## કબીરા ખડા બજારમેં

વિશ્વની આર્થિક વ્યવસ્થા જ એવી બનાવાઈ છે જેમાં અમેરિકાના ઉપભોક્તાઓ અને અમેરિકા દ્વારા થતા ઊડાઉ ખર્ચાઓને જ દુનિયાના શ્રમિકોના ભોગે વધુ મહત્ત્વ મળે છે. અમેરિકન પ્રજા અને અમેરિકા દેશ જેટલી રકમ ખર્ચ કરે છે તેના કરતા ઓછી બચાવે છે. દુનિયાભરના લોકોની સસ્તી મજૂરીનો અમેરિકા લાભ મેળવે છે. ગ્રાહકોના વપરાશની ચીજવસ્તુઓ સસ્તા ભાવમાં મેળવે છે. તેની સામે દુનિયાભરને સર્વિસો અને ટેકનોલોજીઓ પૂરી પાડે છે. અમેરિકાના ડૉલર પર દુનિયાભરને વિશ્વાસ હોવાથી, અમેરિકાના ઉદ્યોજકોમાં સાહસવૃત્તિ અને બિઝનેસની પ્રસંશનીય કુનેહ હોવાને કારણે, દુનિયામાં તેઓની ગણના થતી હોવાથી અમેરિકા સસ્તા વ્યાજ દરે લોન મેળવે છે. અમેરિકા પર ઘણા દેશોએ ભરોસો દાખવી નાણા ધીર્યાં છે. જપાનનું અમેરિકા ઉપર 1100 અબજ ડૉલરનું કરજ છે. ચીનનું 770 અબજ અને યુકેનું 765 અબજ ડૉલરનું અમેરિકા પર કરજ છે. ટેકનોલોજી અને ફીનાન્સિયલ સર્વિસિઝના ટ્રેડમાં અમેરિકામાં લાખો અને લાખો લોકો કામ કરી રહ્યા છે. જેના વેપારથી અમેરિકાનો મહત્ત્વનો સરપ્લસ પ્રોફીટ મળે છે. અમેરિકાના પ્રમુખ દુનિયામાં સૌથી શક્તિશાળી ગણાય છે. પરંતુ ક્રેડિટ મારકેટ, દુનિયામાં એમનાથી પણ મોટી શક્તિ છે. હાલમાં તો અમેરિકા અને દુનિયાને ક્રેડિટ મારકેટમાં જોખમ લાગે છે તેથી નિવેશકારો સોનામાં નિવેશ કરી રહ્યા છે. હવે અમેરિકાને ધીરાણ જોઈતું હશે તો વ્યાજની ઊંચી કિંમત ચૂકવવી પડશે. અર્થશાસ્ત્ર અને આર્થિક વ્યવહારો, કમાણી વગેરે જટિલ બાબતો છે. એક જગ્યાએ ફાયદો મેળવવા જાઓ તો એ જ બાબતને કારણે બીજી જગ્યાએ નુકશાની ભોગવવી પડે છે. સોનામાં રોકાણ સૌને હાલ તુરંત સલામત લાગે છે. ટ્રમ્પની નીતિઓને કારણે લોકોને મોંઘવારી અને ફૂગાવો વધવાનો ડર લાગે છે તેથી લોકો સોના તરફ વળ્યા છે. બીજી તરફ આ નવી પરિસ્થિતિથી ડરીને ગયા વીક એન્ડમાં અમેરિકાએ તમામ ઈલેકટ્રોનિક્સ ઉપકરણો પરની ટેરિફ રદ કરી છે અથવા મુલત્વી રાખી છે. તેનો અર્થ એ થયો કે અમેરિકા હાલ સુધી ચીનમાંથી જે ચીજોની આયાત કરતું રહ્યું હતું તેમાંની 23 (ત્રેવીસ) ટકા ચીજો પર હવે ટેરિફ લાગશે નહીં. ધારો કે ચીન તેનો સાનુકૂળ જવાબ ન આપે તો? નિકાસ પર ડ્યુટી લગાવે તો? કારણ કે અમેરિકાની દુ:ખતી નસ ખુલ્લી પડી ગઈ છે.

અનુસંધાન પાના એકનું

## નો નોનસેન્સ


પણ એવું બન્યું નહીં બલકે ઊલટું બન્યું. ટકાવારીમાં ભારતની નિકાસ ઘટવા માંડી અને ખાધ વધતી ગઈ. પરિણામ એ આવ્યું કે આજે 2014ની તુલનામાં ભારતની નિકાસ ઘટી છે. 2016ની નોટબંધીએ પણ દેશને પાછળ ધકેલી દીધો છે.

સરકાર મજબૂત છે, પણ પ્રાથમિકતા અલગ છે. ચીન વર્તમાનમાં જદ્દોજહદ કરે છે અને ભારતના હિન્દુત્વવાદી શાસકો અતિતમાં. ચીન ઈતિહાસમાં વિલન શોધવાનો પ્રયાસ કરતું નથી, પણ વર્તમાનમાં વિલન કોણ અને મિત્ર કોણ એની ચકાસણી કરીને પોતાની જગ્યા બનાવે છે. ચીન મહાન હોવાના ખોટા બણગાં ફૂંકતું નથી, પણ તાકાત વધારીને વર્તમાનમાં તેને અનુભવી શકાય એ રીતે મહાન બનવાનો પ્રયાસ કરે છે. ચીન લઘુમતી પ્રજાની કનડગત કરીને બહુમતી પ્રજાને વિકૃત સુખનો અમલ પીવડાવતું નથી, પણ દરેક પ્રજાના હાથનો વિકાસ માટે ઉપયોગ કરે છે. તમે ક્યારેય ચીની શાસકોને રડતા કે રડાવતા જોયા? ડરતા કે ડરાવતા જોયા? કલ્પનાના મહેલમાં રાચતા જોયા? બણગાં ફૂંકતા જોયા? વર્તમાન. વર્તમાન જ ભવિષ્ય બનાવે છે. ભૂતકાળ ભવિષ્ય ન બનાવે. એની વચ્ચે વર્તમાન પડે છે અને નાદાર શાસકો કર્તૃત્વ સિદ્ધ કરવાની વર્તમાનની ક્ષણ ગુમાવી દે છે. હવે જ્યારે વર્તમાનમાં ભવિષ્ય બનાવવા માટેનું યુદ્ધ જગતમાં શરુ થયું છે ત્યારે અતીતમાં જીવનારા અને પ્રજાને જીવાડનારા શાસકો રઘવાયા થયા છે.

કેન્દ્રના વાણીજ્ય પ્રધાને અકળાઈને કહ્યું હતું કે વિદેશી રોકાણ ભારતમાંથી બહાર જતું હોય તો ભલે જતું. નથી જોઈતા તેમના પૈસા. એ પછી હમણાં પાંચ દિવસ પહેલાં અકળાઈને કહ્યું કે શું સ્ટાર્ટઅપવાળા ફૂડ ડિલીવરીની એપ જ બનાવશે કે ભોંય ભાંગવાનું કામ પણ કરશે? અરે ભાઈ દસ વરસમાં દોઢ લાખ (90 %) સ્ટાર્ટઅપ નિષ્ફળ નીવડ્યા એને માટે એકલા પ્રયાસકર્તાઓ જવાબદાર છે કે શાસકો પણ? વર્ગમાં 90 % વિદ્યાર્થીઓ ત્યારે જ નાપાસ થાય જ્યારે ભણાવવામાં ન આવતા હોય અને શિક્ષકો નબળા હોય. ડીપસીક વિકસાવવા માટે સરકારનો સાથ જોઈએ. પણ આપણે ત્યાં તો શાસકો ઔરંગઝેબના યુગમાં વસે છે અને વચ્ચે વચ્ચે અકળાય અને આવવું પડે ત્યારે વર્તમાનમાં આવે છે.

## શબ્દ સાપ્તાહિકી

– અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. સચોટ, સફળ (૪)
૪. શંકા, શક (૩)
૬. ટાણું, પ્રસંગ (૪)
૮. ખાલી જગા, શૂન્યાવકાશ (૪)
૧૦. ઘોડા ગધેડાના પગ બાંધવાનું દોરડું (૩)
૧૧. ગતાગમ વિનાનું (૨)
૧૨. સાધુ-સંતને કરાતું સંબોધન (૨)
૧૩. કિંમત, મૂલ્ય (૨)
૧૪. સમજણ, ગીરો મૂકવું તે (૨)
૧૬. યોગ્ય (૩)
૧૭. મોટી સંખ્યામાં નાણું (૩)
૧૯. એક રૂપાળું પંખી (૨)
૨૦. આનંદ, લહેર (૨)
૨૧. રોકડું (૩)
૨૨. શ્રીરામનો પુત્ર (૨)
૨૪. રસ્તો, વાટ (૨)
૨૫. માછલાં વગેરે પકડવાનો આંકડો (૨)
૨૬. રગ, વલણ (૨)
૨૮. સુરક્ષિત (૪)
૩૦. પગલું, ડગલું (૩)
૩૩. દીવાની જ્યોત (૨)
૩૫. ઘોડી (૩)
૩૬. જોડકું (૩)
૩૭. ઘોડો (૨)
૩૮. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૩૯. મીટ, અનિમેષ નજર (૨)
૪૧. સરખી સપાટીનું (૪)
૪૩. અધિકાર, દાવો (૨)
૪૪. શરીર, દેહ (૨)
૪૬. સુંદર સ્ત્રી (૨)
૪૭. નાણું (૨)
૫૦. આનંદ, વિનોદ (૩)
૫૧. નસ, રક્તવાહિની (૨)
૫૨. કમનસીબ (૪)
૫૪. સહાયક (૫)
૫૭. ભૂકો, ચૂરો (૩)
૫૮. હશે, છો ને (૨)
૫૯. દાવો, અધિકાર(૨)
૬૦. વાંચનાર (૩)
૬૧. જાગ્રત , સાવધ (૩)
૬૨. મુખ, ચહેરો (૩)
૬૫. પદવી, દરજ્જો (૨)
૬૬. કિનારો (૨)
૬૭. કાચી વયનું (૩)
૬૯. હાથ, વેરો (૨)
૭૦. મોટી નદી (૨)
૭૧. કબૂતર, હોલો (૩)
૭૨. પ્રહાર ઝીલવાનું સાધન (૨)
૭૩. સહાય (૩)
૭૪. બાણ (૨)
૭૫. મુકામ (૨)


**ઊભી ચાવી**

૧. ખબરપત્રી, તંત્રી (૭)
૨. ખેતર કે ગામની હદ (૨)
૩. નવલું, નવીન (૨)
૪. તાબે, આધીન (૨)
૫. આધાર, ભરોસો (૩)
૬. ઇશારો, સૂચન (૪)
૭. સસલું (૨)
૮. ચકલીની જાતનું કાળા રંગનું એક પંખી (૪)
૯. નાહિંમત, કંટાળી ગયેલું (૩)
૧૨. એક શિકારી પક્ષી (૨)
૧૩. શ્વાસ (૨)
૧૫. બટન ઘાલવાનું નાકું (૨)
૧૬. વગાડવું તે (૩)
૧૮. કવખતનું (૪)
૧૯. મોહ પમાડનારું (૩)
૨૦. પાક (૨)
૨૩. વસવું તે (૪)
૨૫. શોક, મનનું વલણ (૨)
૨૭. સગવડ, જોગવાઈ (૪)
૨૯. ઇચ્છા, આતુરતા (૩)
૩૧. તેજ, ભપકો (૩)
૩૨. ખુશ, પ્રસન્ન (૨)
૩૪. લીન, ડૂબેલું (૩)
૩૭. દાણાવાળું કઠોળ(૨)
૪૦. નજર, ચૂક (૫)
૪૧. સરોવર (૨)
૪૨. ઝટ, એકદમ (૩)
૪૩. પચેલું (૩)
૪૫. શહેર (૩)
૪૭. દુનિયા (૨)
૪૮. બિમાર, માંદુ (૨)
૪૯. કૃષ્ણ પક્ષનું, અંધારિયું (૨)
૫૧. યુદ્ધભૂમિનો માર્ગ (૪)
૫૨. મહાદેવ (૨)
૫૩. પત્ની, ભાર્યા (૩)
૫૫. દુ:ખ, પીડા (૩)
૫૬. આશરે અઢી કિલોમીટર (૨)
૫૮. હેતુ, મુરાદ (૪)
૫૯. સીમા, મર્યાદા (૨)
૬૧. જનાવર વગેરેના ખેલનો તમાશો (૪)
૬૨. અંદાજ, ગણવું તે (૪)
૬૩. ટેક, આબરૂ (૨)
૬૪. નવલું, આશ્ચર્યકારક(૩)
૬૫. ઉત્તમ (૩)
૬૬. તૃપ્ત, ધરાયેલું (૨)
૬૯. શરીરની ઊંચાઈ (૨)
૭૦. પુરુષ (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

